# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે સંકળાયેલ તમામ શાળાઓને જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૨૨ ની બોર્ડની જાહેર પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા નવેમ્બર માસના આગામી દિવસોમાં દિવાળી વેકેસન બાદ શરૂ થનાર છે. તે સંદર્ભે પરીક્ષાના આવેદનપત્રો ભરતા પહેલા School Registration અને પરીક્ષણ કાર્ય માટે Teacher Registration ની પ્રક્રિયા પૂર્ણ કરવી ફરજીયાત છે. School Registration અને TeacherRegistration ની પ્રક્રિયા નીચેની વેબસાઈટ પર ઓનલાઈન નીચે દર્શાવેલ તારીખોથી શરૂ કરી શકાશે.

(૧) <u>School Registration માટે :-</u>

schoolreg.gseb.org

તારીખ :- (૦૯/૧૧/૨૦૨૧)

(૨)<u>Teacher Registrationમાટે :-</u>

teacherreg.gseb.org

તારીખ :- (૧૦/૧૧/૨૦૨૧)

ચાલુ વર્ષે નોંધાયેલ તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. હાલ ચાલુ શાળાઓએ માહિતી અદ્યતન (Update) કરવાની રહેશે.

<u>જેમાં School Registrationમાં મુખ્યત્વે :-</u>

ચાલુ વર્ષના તમામ ધોરણના ચાલુ વર્ગોના માધ્યમવાર વિદ્યાર્થીઓની સંખ્યા અચુક ભરવાની રહેશે તથા શાળાનું નામ અને સરનામાની ખરાઈ કરવાની રહેશે. જો તેમાં કોઈ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. ચાલુ વર્ષે જે શાળાઓને નવા Index Number ફાળવવામાં આવ્યા છે તે શાળાઓએ તેમની ક્રમિક વર્ગની અરજી સમયે જે Email ID ભરવામાં આવ્યું હતું તે જ Email ID પર "Password" મોકલી આપવામાં આવશે. જો Email ID ભરવામાં ભૂલ કરેલ હોય તો પાસવર્ડ મેળવવા માટેની રજૂઆત શાળાના લેટરપેડ પર gsebhelp@gmail.com Email ID પર મોકલી આપવાની રહેશે.

<u>તેમજ Teacher Registrationમાં શિક્ષકોની માહિતી અદ્યતન કરવાની રહેશે. જેમાં મુખ્યત્વે</u>

(૧) નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવા

(૨) છુટા થયેલ / રીટાયર્ડ થયેલ / રાજીનામું આપેલ શિક્ષકો Inactive કરવા

(૩) શિક્ષકોના હાલ ભણાવતા વિષય તેમજ અનુભવની વિગત, તેમના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અનુભવની વિગત તથા કુલ અનુભવની વિગત ચોકસાઈપૂર્વક સુધારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી છે.

સમગ્ર Data ની ચકાસણી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કરવામાં આવનાર છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

તારીખ:-૧/૧૧/૨૦૨૧

સ્થળ:-ગાંધીનગર

# ખાસ નોંધ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ S.S.C.E ની શાળાઓના નોંધાયેલ Index Number ની જિલ્લાવાર સંખ્યા 1000 થી વધુ થઇ જવાથી School Registration ની Online System માં ફેરફાર કરવો અનિવાર્ય થયેલ છે. ચાલુ વર્ષ-૨૦૨૧ થી Index Number નું Format 00.000 ના બદલે 00.0000 એમ કરવામાં આવેલ છે. જેથી શાળા કક્ષાના નંબર 3 Digit થી વધારીને 4 Digit(Numeric) કરવામાં આવેલ છે.

a) તમામ S.S.C.E/H.S.C.E શાળાઓને નવા Index Number ના Format માં શાળા કક્ષાનો Code 4 Digit નો રહેશે. હયાત ત્રણ Digit ના શાળાના કોડવાળી શાળાઓએ (.) બાદ આગળ 0 શૂન્ય ઉમેરવાનું રહેશે. શાળાઓએ બોર્ડની તમામ Application જેવી કે School Registration, School Registration Mobile App For Photograph, Teacher Registration, Online Student Exam Registration વગેરેમાં Login કરવા માટે 00.0000 ના Format માં Index Number ભરવાનો રહેશે.

b) ચાલુ વર્ષે શાળા રજીસ્ટ્રેશન, શિક્ષક રજીસ્ટ્રેશન તથા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના આવેદનપત્રો ભરતા સમયે પણ 4 Digit નો Index Number ભરવાનો રહેશે. શાળાના ઇન્ડેક્ષ નંબર દા.ત. 07.202 ના બદલે 07.0202 થયેલછે. જેમાં 07 એ જિલ્લાનો કોડ છે. જ્યારે .0202 એ તે જિલ્લાની શાળાનો ક્રમ છે.

બદલાયેલા ઇન્ડેક્ષ નંબરના ઉદાહરણ નીચે મુજબ છે.

| જૂનો ઇન્ડેક્ષ | નવો ઇન્ડેક્ષ |
|---|---|
| 01.001 | 01.0001 |
| 01.010 | 01.0010 |
| 01.100 | 01.0100 |

## (Frequently Asked Questions For School Registration)

1. શાળાના ઇન્ડેક્ષ નંબર આર કોઝકટમાં ફેરફાર કરેલ હોઈ તમામ શાળાઓને નવા નોંધણીના પ્રમાણપત્રો બોર્ડ તરફથી આપવામાં આવનાર છે. આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ મારફતે શાળા રજીસ્ટ્રેશનની વેબસાઈટ schoolreg.gseb.org પર Login કર્યા બાદ "Click here to Download School Registration Certificate(Draft)" લીંક પરથી ડાઉનલોડ કરી જોઈ શકશો. ડાઉનલોડ કરેલ Certificate માં દર્શાવેલ માહિતીમાં જો કોઈ વિસંગતતા હોય તો gsebhelp@gmail.com પર ઈ-મેઈલ મારફતે Certificate નો નમુનો, સુધારાની વિગત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી/સિક્કા અને જરૂરી આધાર સાથે મોકલી આપવાના રહેશે. જેથી સાચી માહિતી વાળુ Certificate આપી શકાય.
2. શાળાની વિગતોમાં કેટલીક વિગતોનો સુધારો ફક્ત બોર્ડ કક્ષાએથી કરવાની જોગવાઇ છે(દા.ત.શાળાનું નામ/શાળાનું સરનામું/ટ્રસ્ટની વિગત). ઉક્ત વિગતોમાં સુધારો હોય તો gsebhelp@gmail.com પર ઈ-મેઈલ મારફતે ફેરફારના સુધારાના જરૂરી આધાર અને સુધારાની વિગત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી/સિક્કા સાથે મોકલી આપવાના રહેશે.
3. આચાર્યશ્રીની વિગત, આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી શાળા કક્ષાએથી જ સુધારો કરવાની જોગવાઇ છે. આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ મારફતે શાળા રજીસ્ટ્રેશનની વેબસાઈટ schoolreg.gseb.org પર Login કર્યા બાદ શાળા કક્ષાએ થી જ સુધારો કરી શકાશે. આચાર્યશ્રીની વિગત, આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી વિગતો બદલવાની થતી હોય અને Login કરવા માટે શાળાનો પાસવર્ડ શાળા પાસે ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડીની વિગતમાં સુધારો કરવા માટેની રજૂઆત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી / સિક્કા સાથે gsebhelp@gmail.com પર ઈ-મેઈલ મારફતે મોકલી આપવાનું રહેશે.
4. અગાઉના વર્ષમાં ધો-૧૦/ધો.૧૨ ના વિદ્યાર્થીના Passing Certificate માં જો શાળાના નામની વિગતમાં કોઈ વિસંગતતા(ભૂલ) છપાયેલ હોય તો ચાલુ વર્ષે પુનઃ ભૂલ ન થાય તે માટે નીચે દર્શાવેલ Email-ID મંજૂરીના કાગળના આધારો સાથે વિગત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી / સિક્કા સાથે મોકલી આપવાની રહેશે.

**ફક્ત ઉપરોક્ત બાબતો માટેની રજૂઆતો માટેનું Email ID: gsebhelp@gmail.com**

જા.નં. માશ/૨૦૨૧/૧૫૨૩૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત. જિ. સુરત
તા. ૦૧/૧૧/૨૧

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક ઉ.મા. શાળાઓ
સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.